ગાંધીનગરથી દર પહેલી અને પંદરમી તારીખે પ્રકાશિત થતું પાક્ષિક R.N.I. No. GUJGUJ/2014/58245

Registered under RNI No. GUJGUJ/2014/58245 Permitted to post at SRO,GANDHINAGAR, and on 1st & 15th of every month under Postal Regd No G-GNR-339 issued by SSP GNR valid up to 31-12-2019

Special Colour Edition

# અગ્નિપથ

વર્ષ : ૦૬ ● અંક : ૧૩ સ્થાપક તંત્રી : અરવિંદ રાણા ● તારીખ : ૧૫-૦૮-૨૦૧૭ મંગળવાર ● વાર્ષિક સહયોગ : રૂા. ૨૦૦ ● પાના : ૪

## આર્ય પ્રતિનિધિ સભા અમેરિકા દ્વારા આર્ય મહાસંમેલન સફળતાપૂર્વક સંપન્ન

ઉત્તર અમેરિકાનાં આર્યસમાજોનું સંગઠન એટલે આર્ય પ્રતિનિધિ સભા અમેરિકા. દર વર્ષે આ સભા દ્વારા ઉત્તર અમેરિકામાં વસતા વૈદિક ધર્મી આર્યસમાજી પરિવારોનું વાર્ષિક સંમેલન યોજવામાં આવે છે. આ સંમેલનમાં વૈદિક વિદ્વાનો, યોગનાં નિષ્ણાતો, વક્તાઓ સહિત વિશ્વભરમાંથી લોકો આવે છે.

આ વર્ષે આ સંમેલન ન્યુયોર્ક ખાતે યોજવામાં આવ્યું હતું. ગત ૨૭ થી ૩૦મી જુલાઈ, ૨૦૧૭ દરમ્યાન યોજાયેલા આ સંમેલનમાં પ્રથમવાર શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં ૫૦૦ જેટલા આર્યજનો, વિદ્વાનો અને સરકારનાં પદાધિકારીઓએ પણ ભાગ લીધો હતો.




આ કાર્યક્રમમાં વક્તવ્ય આપવા માટે વાનપ્રસ્થ સાધક આશ્રમનાં પ્રબંધક ન્યાસી અને પ્રખર દાર્શનિક વક્તા આચાર્ય જ્ઞાનેશ્વરજીને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ મહાસંમેલન ઉપરાંત આચાર્ય જ્ઞાનેશ્વરજીનાં અન્યત્ર અનેક સ્થળોએ વ્યાખ્યાનો યોજવામાં આવ્યા હતા. દૈનિક ભાસ્કર સમુહનાં ઉચ્ચ પદાધિકારી શ્રી જગદીશજી શર્માએ પણ આ આર્ય મહાસંમેલનમાં મનનીય પ્રેરક વક્તવ્ય આપ્યુ હતું. વિચાર ટી.વી.નાં પ્રોડક્શન વિભાગનાં વડા શ્રી ધર્મેશભાઈ આર્યએ પણ આ મહાસંમેલનમાં ભાગ લઈ વિચાર ટી.વી.નાં કાર્યક્રમો વિશે જાણકારી આપી હતી.






## આર્યસમાજ, પોરબંદર દ્વારા આધ્યાત્મિક પ્રવચન અને ધ્યાન પ્રશિક્ષણના કાર્યક્રમોનું આયોજન કરાયું

પોરબંદર

શ્રાવણી પર્વની ઉજવણી નિમિત્તે આર્યસમાજ, પોરબંદર દ્વારા ત્રિદિવસીય આધ્યાત્મિક પ્રવચન અને ધ્યાન પ્રશિક્ષણના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પોરબંદરનાં લગભગ ૨૫૦ જેટલા ધર્મપ્રેમી જિજ્ઞાસુઓ નિયમિત હાજરી આપી ધર્મલાભ લેતા હતા.

આર્યજગતનાં સુપ્રસિદ્ધ દાર્શનિક સંન્યાસી સ્વામી વિવેકાનંદજીએ ઉપસ્થિત રહી ધર્મપ્રેમી મહાનુભાવોને જ્ઞાનવર્ધક વૈદિક વ્યાખ્યાનો આપ્યા હતા. તેમણે ધ્યાનનું મહત્વ સમજાવી ક્રિયાત્મકરૂપે ધ્યાનનું પ્રશિક્ષણ પણ આપ્યું હતું. સ્વામીજી શંકા સમાધાનમાં વિશેષ યોગ્યતા ધરાવે છે તેનો લાભ પણ પોરબંદર નિવાસીઓએ ભરપુર લીધો હતો. અનેક આધ્યાત્મિક પ્રશ્નોનાં સ્વામીજીએ તાર્કિક અને શાસ્ત્રોક્ત એમ બંને રીતે ઉત્તરો આપી લોકોની જિજ્ઞાસાને સંતોષી હતી.

સ્વામીજીનાં આ ધાર્મિક કાર્યક્રમો દરરોજ સાંજે ૬ થી ૮ દરમ્યાન આર્યસમાજ ખાતે યોજાતા હતા. વ્યાખ્યાનો શરૂ થાય તે પહેલાં પુરોહિત બ્રહ્માનંદ આઝાદ દ્વારા દૈનિક યજ્ઞ કરવામાં આવતો હતો. સ્વાગત પ્રવચન તથા કાર્યક્રમનાં અંતે આભારવિધિ આર્યસમાજનાં મંત્રી શ્રી ધનજીભાઈ આર્ય દ્વારા સંપન્ન કરવામાં આવતી હતી.



દરરોજ સાંજે આર્યસમાજ દ્વારા સૌ ધર્મપ્રેમી સજ્જનો માટે પ્રિતી ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

આર્યસમાજમાં ધાર્મિક કાર્યક્રમોના આયોજન ઉપરાંત દરરોજ સવારે અલગ અલગ



શાળા-કોલેજોમાં સ્વામીજીએ જુદા જુદા વિષયો ઉપર વ્યાખ્યાનો આપ્યા હતા. પ્રથમ દિવસે ભાણવડ હાઈસ્કુલ ખાતે વિદ્યાર્થી જીવનનો વિકાસ કેમ થાય? તે વિષય ઉપર સ્વામીજી દ્વારા વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. બીજા દિવસે અડવાણા હાઈસ્કુલ અને મંથન સ્કુલ ખાતે અનુક્રમે શિક્ષણમાં ઉન્નતિ કેવી રીતે કરવી? અને વ્યક્તિત્વ વિકાસ કેમ કરવો? એ વિષયો ઉપર વ્યાખ્યાનો આપવામાં આવ્યા હતા. ત્રીજા દિવસે ખારવા વિદ્યાર્થી ભવન ખાતે વિદ્યાર્થી

(અનુ. પાન-૨ ઉપર)

# મહિલા સુરક્ષા એક સળગતી સમસ્યા

તાજેતરમાં અમદાવાદના બાપુનગર વિસ્તારમાં એક મહિલા કોન્સ્ટેબલની છેડતીનો બનાવ બની ગયો. ત્યારબાદ સેપ્ટ યુનિવર્સિટીનાં સેન્ટર ફોર અર્બન ઈક્વિટીનાં હેડ અને બે વિદ્યાર્થીઓની ટીમ દ્વારા અમદાવાદનાં વિવિધ વિસ્તારોમાં મહિલાઓનો સંપર્ક કરી એક સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં પર ટકા જેટલી મહિલાઓએ પોતે સુરક્ષિત ન હોવાનું જણાવ્યું હતું. આ સર્વેમાં ખાસ કરીને એકલી જતી મહિલાઓને સતાવવાની ઘટના વધારે બનતી હોવાનું સામે આવ્યું હતું. વહેલી સવારે અથવા મોડી સાંજે આ પ્રકારની ઘટનાઓ સવિશેષ ઘટતી હોવાનું પણ સર્વેમાં બહાર આવ્યું હતું.

સર્વેમાં મહિલાઓએ કહ્યું કે જો પોલીસ થોડી કડકાઈથી કામ લેતી થઈ જાય તો આવી ઘટનાઓ ઓછી થઈ જાય. એ વાત બિલકુલ સાચી છે કે કાયદાઓ હોય પણ જો તેનું યોગ્ય અમલીકરણ ન થતું હોય તો કાયદા હોવા છતાં તે ન હોવા જેવું જ છે. આમાં સરકારે કાયદાની જોગવાઈઓનો કડક અમલ થાય તે જોવું જ જોઈએ. પરંતુ આટલું પુરતું નથી. માત્ર કાયદા કરવાથી

## સંપાદકીય.. - અરવિંદ રાણા

અને તેનો અમલ કરાવવાથી બધી બદીઓ દૂર થઈ જશે તેવું માનવું ભૂલ ભરેલું છે.

આ માટે તો બાળકોને નૈતિકતાનું પ્રશિક્ષણ વધારે સઘન અને આક્રમકરીતે આપવું પડશે. માતા-પિતા, શાળાનાં શિક્ષકો વગેરે સ્વયં પોતાના વ્યવહાર શુદ્ધિ ઉપર સવિશેષ ધ્યાન આપે અને અભ્યાસક્રમમાં નૈતિકતાના પાઠો વધારે અસરકારક રીતે ભણાવવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવી પડશે. સમાજે સ્વયં જાગૃત બની આવા મહિલાઓની છેડતી કરતા તત્વોને ખુલ્લા પાડવા પડશે. મહિલાઓએ પણ સાહસિકતાનો પરિચય આપી આવા તત્વોને જાહેરમાં જ પડકારી તેમને બોધપાઠ આપવો પડશે.

ગુજરાત જ નહિં, હવે તો અનેક રાજ્યોમાં મહિલાઓને સ્વરક્ષણની તાલીમ આપવાનું સરકારોએ શરૂ કર્યું છે. મહિલા સ્વરક્ષણના કાર્યક્રમને શાળામાં અભ્યાસક્રમમાં જ દાખલ કરી દેવાની જરૂર છે. એ નિતાંત સત્ય છે કે દુશ્મન સશક્ત હોય તો તેની ઉપર હુમલો કરનાર સોવાર વિચાર કરે છે. જો મહિલાઓ સશક્ત બની જાય અને બધાને તેની જાણ થઈ જાય તો મહિલાઓ ઉપર અત્યાચાર કરનાર, તેમની છેડતી કરનાર, બળાત્કારનો પ્રયત્ન કરનાર લોકોમાં ભય ઉભો થઈ જાય. એટલે કડક કાયદાની સાથે મહિલાઓને સશક્ત કરવી અનિવાર્ય છે.

### પ્રમુખ તરીકે શ્રી નીતીનકુમાર શેઠની વરણી કરાઈ

# આર્યસમાજ-અડાજણ, સુરતનાં હોદ્દેદારોની વરણી કરવામાં આવી

સુરત

આર્યસમાજ, અડાજણ-સુરતની વાર્ષિક સામાન્ય સભા તાજેતરમાં મળી ગઈ. જેમાં આગામી પાંચ વર્ષ માટે નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

આર્યસમાજની એક અખબારી યાદીમાં આ અંગે વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૭-૧૮ થી વર્ષ ૨૦૨૧-૨૨ સુધીનાં પાંચ વર્ષના સમયગાળા માટે આર્યસમાજનું સંચાલન કરવા માટે પ્રમુખ તરીકે શ્રી નીતીનકુમાર કાંતિલાલ શેઠ અને મંત્રી તરીકે શ્રી જીતેન્દ્ર બચુભાઈ માળી, ઉપપ્રમુખ તરીકે શ્રી દિપક શ્રીકાંત ભગતજી, ખજાનચી તરીકે શ્રી સુખદેવભાઈ ચીમનભાઈ સોની, મહમંત્રી તરીકે શ્રી રતનભાઈ સોમાભાઈ પટેલ તથા કારોબારી સભ્યો તરીકે શ્રી કનુભાઈ મોહનભાઈ પટેલ અને શ્રી મહેશભાઈ રમેશભાઈ ડોંગાની વરણી કરવામાં આવી હતી.

# ઉત્તમ સંસ્કારોના સિંચનથી મનુષ્યના ચરિત્રમાં અનેરો નિખાર આવે છે

## પોતાના પ્રત્યેક ચિંતન, ક્રિયા, વ્યવહાર આદિમાં ઈશ્વર પોતાને જોઈ, જાણી અને સમજી રહ્યો છે તે પ્રકારની સત્યાનુભૂતિ સતત બનેલી રહેવી જોઈએ.

(ગતાંકનું શેષ)

પૃથ્વ, નદી, પહાડો, ઝરણાં, વૃક્ષ-વનસ્પતિ, ફૂલ-ઔષધિ, પશુપક્ષીઓ તથા દરેક પ્રકારની યોનિ ઈશ્વરનું અસ્તિત્વ પ્રમાણિત કરે છે. સંસાર ઈશ્વરનું નિતનવીન ઉત્તમ કાવ્ય છે. સર્વપ્રકારની સત્યવિદ્યાઓ કૃપાળુ ઈશ્વરના અસ્તિત્વની સાક્ષી પૂરે છે. જગતમાં પ્રકાશિત શાશ્વત નિયમો બુદ્ધિમાન મહાન ઈશ્વરની સત્તા તરફ અંગુલિનિર્દેશ કરે છે. પ્રેમ, વાત્સલ્ય, પવિત્રતા, સંવાદિતા, દયા, દાન, સમર્પણ, સહિષ્ણુતા, તપ વગેરે ગુણોનો મૂળ પ્રકાશક ઈશ્વર જ છે. ઈશ્વરને સમજવા માટે તેની કૃતિનું ગહન ચિંતન જરૂરી છે. ગહન ચિંતન કરવાથી ઈશ્વર કેટલો મહાન, બુદ્ધિમાન, કૃપાળુ, દાની તથા ન્યાયી છે તેનાથી માહિતગાર થઈ ઈશ્વર તરફ વિશેષ પ્રિતીયુક્ત અતૂટ બંધન સ્થાપિત થઈ જાય છે.

પોતાના પુરુષાર્થનું ફળ સુખદુઃખરૂપે મનુષ્યને પ્રાપ્ત થતું હોય છે. મનુષ્ય કર્તવ્ય છે કે ભૌતિક સુખો ત્યજી અંતમુર્ખ બની આધ્યાત્મિક સુખ (ઈશ્વરીય સુખ)નો ચાહન બન્યો રહે. ચિત્ત અત્યન્ત સૂક્ષ્મ હોવા છતાં અનંત જન્મોના સંસ્કાર તેમાં સ્થિત હોય છે. મનમાં સંસ્કારો ગાગરમાં સાગર સમાન છે.

આપણા સંસ્કારો આપણા મિત્ર અને શત્રુ પણ છે.

**ઈશ્વર**
**વક્તા-અવધેશપ્રસાદ પાંડેય**
**સંકલન : વર્ષા દવે**

આવશ્યકતા છે બાહ્ય ઉત્તમ તથા સાત્વિક વાતાવરણ ઉભું કરી ચિત્તસ્થ ઉત્તમ સંસ્કારોને જાગૃત કરવામાં આવે. ઉદયમાન સંસ્કારોને વિવેકપૂર્ણ ક્રિયામાં અવતરીત કરવા આવશ્યક છે. માતા, પિતા, આચાર્ય, રાજા આદિનું પરમકર્તવ્ય છે કે બાળકોને ઉત્તમ વાતાવરણથી અલંકૃત કરવામાં આવે. ઉત્તમ શુભ સંસ્કારોના સિંચનથી મનુષ્યના ચરિત્રમાં અનેરો નિખાર આવે છે. તે શૈતાનમાંથી સાધુ બની જાય છે. રાક્ષસમાંથી દેવતા બની જાય છે. ધૃણિતમાંથી વંદનીય બની જાય છે. ઉત્તમ ચરિત્રવાન મનુષ્ય ઈશ્વરને પણ ખૂબ પ્રિય હોય છે. ઉત્તમ પિતા ઉત્તમ સંતાનને પોતાની સર્વસંપતિ ખૂબ હર્ષિતભાવે પ્રદાન કરતો હોય છે. મનુષ્યએ હંમેશા મનનશીલ બન્યા રહેવું જોઈએ જેથી પોતાના ઈન્દ્રિયો પર સંયમ રહે અને પરોપકાર અર્થે ઉત્તમ કાર્યોનું નિર્માણ થાય. પોતાના પ્રત્યેક ચિંતન, વિચાર, ક્રિયા, સ્વાધ્યાય, વ્યવહાર આદિમાં ઈશ્વર પોતાને જોઈ, જાણી અને સમજી રહ્યો છે તે પ્રકારની સત્યાનુભૂતિ તથા સમર્પણભાવ બનાવી રાખો તો ઈશ્વર સર્વપ્રકારના દુઃખોનો હર્તા બની અનંતકાળ સુધી અમૃતાનંદથી સાધકને તરબતર કરી દેશે એ નિશ્ચિત છે.

# આણંદ જિલ્લામાંથી ૪૧૭૨ ફુડ પેકેટ્સ એકત્રિત કરી ચરોતર પ્રદેશ આર્યસમાજ દ્વારા પૂરગ્રસ્ત બનાસકાંઠામાં પહોંચાડાયા

ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ દ્વારા આણંદ જિલ્લાની વિવિધ સામાજિક સંસ્થાઓ સાથે સંકલન કરીને પૂરગ્રસ્ત વિસ્તારોમાં સહાયતા આપવાનું પ્રસંશનીય કાર્ય કર્યું હતું.



આર્યસમાજનાં પ્રમુખ શ્રી કનકસિંહ વાઘેલાએ અગ્નિપથ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે આર્યસમાજ ખાતેથી ધાનેરા મુકામે બે ટેમ્પો ભરીને રાહત સામગ્રી મોકલવામાં આવી હતી. જેમાં ૪૧૭૨ ફુડ પેકેટ્સની સાથે કપડાઓ પણ મોકલવામાં આવ્યા હતા. આ ઉપરાંત પર્યાવરણની શુદ્ધિ માટે અગ્નિહોત્ર કરવા એક ઈકો વાન હવન સામગ્રી સાથે મોકલવામાં આવી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આર્યસમાજનાં પ્રમુખ શ્રી એચ. કે. મોતીવરસ, મંત્રી શ્રી ધનજીભાઈ આર્ય, કોષાધ્યક્ષ શ્રી દિલીપભાઈ જુંગી, ઉપપ્રમુખ શ્રી સુરેશભાઈ જુંગી, ઉપમંત્રી શ્રી કાંતિલાલ જુંગી ઉપરાંત અનેક સક્રિય આર્યસદસ્યોનો પ્રસંશનીય સહયોગ પ્રાપ્ત થયો હતો.

## આર્યસમાજ...

(પાન-૧નું શેષ)

જીવન અને વ્યક્તિત્વ વિકાસ એ વિષય ઉપર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

નાદુરસ્ત તબિયતને કારણે કાર્યક્રમોમાં ઉપસ્થિત ન રહી શકનાર આર્યસમાજનાં પ્રમુખ શ્રી એચ. કે. મોતીવરસની ઘરે જઈને સ્વામીજીએ ખબર-અંતર પુછી હતી. આ ઉપરાંત સ્વામીજીએ પોરબંદરથી લગભગ ૨૦-૨૫ કિ.મી. દૂર આવેલ રાણાબોરડી ગામમાં આવેલ સુપ્રસિદ્ધ ભગતબાપાની જગ્યાની મુલાકાત પણ લીધી હતી. ત્યાં સંચાલક શ્રી રામભાઈ ઓડેદરા સાથે ભવિષ્યમાં ત્યાં યોગ-ધ્યાન કેન્દ્ર શરૂ કરવા બાબતે ચર્ચા-વિચારણા કરી હતી.

# સામવેદ ભાષ્યના પ્રકાશનની યોજના

*સપ્ટેમ્બર માસના અંતમાં અથવા ઑક્ટોબર માસના પ્રારંભમાં પ્રકાશનનું કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.*

**દરેક આર્યસમાજ, આર્ય શિક્ષણ સંસ્થાઓ, અન્ય સંસ્થાઓ અગ્રિમ ગ્રાહક બનીને જોડાય તે ઈચ્છનીય છે**

ઈશ્વરીય વાણી વેદનો અધિક માત્રામાં, તીવ્ર ગતિથી જન-જન સુધી પ્રચાર થાય તથા લોકો વેદને વાંચે, સમજે તથા તદનુસાર આચરણ કરી સમાજમાં સુખ શાંતિની સ્થાપના કરે એ ઉદ્દેશ્યથી ગુજરાતી ભાષામાં સર્વપ્રથમ વેદભાષ્ય પ્રકાશન કરવાની યોજના બનાવવામાં આવી છે. જેના અંતર્ગત ચારેયવેદોભાષ્યનું પ્રકાશન સંપન્ન થયેલ છે. વર્તમાનમાં સામવેદભાષ્ય (દ્વિતીય સંસ્કરણ)ની પ્રકાશન કરવાની યોજના બનાવવામાં આવી છે. એક પ્રતિની કીંમત ૫૦%છૂટની સાથે ૪૦૦રુ.રાખેલ છે.

**સામવેદ ભાષ્ય**
**ભાવાનુવાદક**
**શ્રી દયાલમુનિજી વાનપ્રસ્થ**
(નિવૃત્ત વિભાગ અધ્યક્ષ, આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર)

- ઋગ્વેદ ભાષ્ય ( ખંડ)ની ૫૦૦૦ નકલોનું પ્રકાશન થશે.
- આકાર : ૨૦ x ૨૮ (કાઉન ૮ પેજ)
- ઉત્તમ કાગળ, મલ્ટીકલર ટાઈટલ, રેક્ઝિન બાઈન્ડિંગ
- સંપૂર્ણ ગ્રન્થનું બે કલરમાં મુદ્રણ કરાશે. પ્રચારાર્થે પડતર કિંમત કરતાં પણ ઓછી કિંમતમાં વિતરણ કરાશે.

- એક લાખ રૂપિયા અથવા તેનાથી વધારે ધનરાશિ પ્રદાન કરનાર સહયોગી/અગ્રિમ ગ્રાહક પોતાના રંગીન ચિત્ર તથા સંક્ષિપ્ત જીવન પરિચય અવશ્ય મોકલાવે.
- એકાવન હજાર પ્રદાન કરનાર મહાનુભાવ પોતાનું રંગીન ચિત્ર અને નામ, સરનામું મોકલાવે.
- એકાવન હજારથી ઓછા અને ઓછામાં ઓછા અગિયાર હજાર પ્રદાન કરનાર મહાનુભાવોના નામ અને સરનામા પ્રકાશિત કરવામાં આવશે.
- દાન દાતાઓને ગ્રંથ પ્રકાશિત થયેલી ભેટરૂપે યથાયોગ્ય નકલો મોકલવામાં આવશે.

અંતમાં જો આપ વૈદિક ધર્મી છો અને વેદ ધર્મનો પ્રચાર-પ્રસાર સર્વત્ર થાય તેવી ઈચ્છા છે તથા ઈશ્વરે આપને ધન અને શ્રદ્ધા પ્રદાન કરી છે તો અમને સહયોગ પ્રદાન કરીને આર્યોચિત ધર્મનું પાલન કરશો. એવા વિશ્વાસ સાથે...

**આપ આ યોજનામાં જોડાઈ શકો છો...**

- વ્યક્તિગતરૂપમાં પોતાના પરિવાર, મિત્રો, સ્વજનો અને સ્નેહીજનો માટે તથા સમાજ કે સંસ્થા તરફથી વિશિષ્ટ મહાનુભાવોમાં વિતરણ કે વેચાણ કરવા માટે અગ્રિમ ગ્રાહક બનીને....
- જો આપને સ્વયં વિશિષ્ટ મહાનુભાવોમાં વિતરણ કરવાની અસુવિધા હોય તો અમે આપના નામથી વિતરણ કરાવી શકીશું. આ હેતુ માટે અનુદાન આપીને આપ સહયોગી બની શકો છો.
- પ્રકાશિત ગ્રન્થોમાં વિશિષ્ટ સહયોગી અને અગ્રિમ ગ્રાહકો અથવા તેમના દ્વારા નિર્દિષ્ટ મહાનુભાવોનું નામ, ચિત્ર, જીવનવૃત્ત અથવા પરિચય પ્રકાશિત કરવામાં આવશે.
- ચેક/ડ્રાફ્ટ અથવા રોકડ રકમ **રણસિંહ આર્ય** ના નામે મોકલવા વિનંતી છે.

**વાનપ્રસ્થ સાધક આશ્રમ** આર્યવન-રોજડ, પો. સાગપુર, જિ. સાબરકાંઠા, ગુજરાત-૩૮૩૩૦૭.
ફોન : (૦૨૭૭૦) ૨૮૭૪૧૭, ૯૪૨૭૦૫૯૫૫૦ Web : www.vaanaprastharojad.org E-mail : vaanaprastharojad@gmail.com

## વાનપ્રસ્થા જયાબહેન પોરિયા દ્વારા લેસ્ટર-યુ.કે.માં પર્સનાલિટી ડેવલપમેન્ટ અને યોગ શિબિર યોજાઈ



ઈંગ્લેન્ડનાં લેસ્ટર ખાતે ફ્લેક્સ ઉપર આવેલ ઓમ સેન્ટર હોલમાં ૨૧ થી ૨૩ જુલાઈ, ૨૦૧૭ દરમ્યાન ત્રિદિવસીય વ્યક્તિત્વ વિકાસ અને યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. માત્ર બહેનો માટે યોજાયેલ આ શિબિરનું સંચાલન વાનપ્રસ્થા જયાબહેન પોરિયા દ્વારા ઉષાબહેન સોલંકીનાં સહયોગથી કરવામાં આવ્યું હતું.

સંપૂર્ણ વ્યક્તિત્વ વિકાસ શું છે અને તેના માટે વ્યક્તિએ શું શું કરવું જોઈએ તેની સમજ આપી હતી. તેમણે બહેનોને આત્મનિરીક્ષણ, અષ્ટાંગ યોગ, આસન-પ્રાણાયામ આદિ વિષયોની સાથે વેદ શું છે અને તેમાં ક્યા ક્યા વિષયોનું જ્ઞાન રહેલું છે તેની પણ માહિતી આપી હતી. તેમણે ધ્યાનનો ક્રિયાત્મક અભ્યાસ કરાવ્યો હતો. ભારતીય પ્રાચીન પરંપરા અનુસાર યજ્ઞ શું છે અને તે શા માટે કરવો જોઈએ તે વિષયે પણ તેમણે જાણકારી આપી હતી.

આયુર્વેદનાં નિષ્ણાત દ્વારા સ્વાસ્થ્ય જાળવણીની પણ માહિતી બહેનોને આપવામાં આવી હતી. આ પ્રશિક્ષણ કાર્યમાં વાનપ્રસ્થા જયાબહેન તથા ઉષાબહેન ઉપરાંત અન્ય વિષય નિષ્ણાતોએ પણ યોગદાન આપ્યું હતું. સંસ્કૃત વિષયની જાણકારી ભારતીબહેન પટેલ, બૌદ્ધિક વાર્તાલાપ કિર્તીબહેન જોષી, આયુર્વેદ વિષે ડૉ. જયદીપ જોષી અને જ્યોત્સનાબહેન રાયચુરાએ એક્યુપ્રેશર વિષય લીધા હતા.

આ શિબિરમાં ૨૫ જેટલી બહેનોએ ભાગ લીધો હતો. દરરોજ સ્વાસ્થ્ય વર્ધક નાસ્તો અને ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. શિબિરના અંતે શિબિરાર્થી બહેનોને પુસ્તકો અને આસન-વ્યાયામનાં ચાર્ટ ભેટ આપવામાં આવ્યા હતા. પ્રશિક્ષક તરીકે સેવાઓ આપનારને પણ વિશેષ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## આર્યસમાજ, સુરત દ્વારા શ્રાવણી પર્વની ઉજવણી



આર્યસમાજ મંદિર-સુરત દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રાવણી પર્વની ઉજણવી હર્ષોલ્લાસ સાથે કરવામાં આવી હતી. કાર્યક્રમના પ્રારંભમાં પં. શ્રી ગજાનંદ શાસ્તી અને પં. શ્રી રમેશચંદ્ર આર્ય દ્વારા વૈદિક મહાયજ્ઞ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ઉપસ્થિત આર્યજનોની જેનોઈ બદલવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

સુરતનાં સોનીફળીયા સ્થિત આ આર્યસમાજનાં મંત્રી શ્રી રોહિતભાઈ શર્મા, કોષાધ્યક્ષ શ્રી મનમોહનજી, ૯૨ વર્ષની વયનાં વરિષ્ઠ આર્ય શ્રી વિનુભાઈ મોદી, શ્રી જેઠાનંદજી દંતાણી સહિત અનેક આર્યજનોએ ઉપસ્થિત રહી યજ્ઞોતવિત બદલી હતી.

### અગ્નિપથનું લવાજમ મોકલવાનું સ્થળ

**શ્રી અરવિંદભાઈ રાણા**
**ઓ-૫૦૧, શુકન સ્કાય,**
**સિટી પલ્સની બાજુમાં,**
**કુડાસણ, તા.જિ. ગાંધીનગર-૩૮૨૪૨૧**
**મોબા. ૯૭૨૭૭ ００૨０૮**
e-mail : agnipathweekly@gmail.com
આપ નીચેના બેંક એકાઉન્ટમાં વાર્ષિક લવાજમ પેટે સહયોગ રાશી રૂા. ૨૦૦/- ભરી તેની જાણ અગ્નિપથને કરી શકો છો.

**ખાતાનું નામ : અગ્નિપથ બેંક : યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયા**
**શાખા : ગાંધીનગર, કરન્ટ એકાઉન્ટ નં. ૧૪૫૫૦૫૦૦૦૩૬૮૧**

### ગાંધીનગર સ્થિત વૈદિક પરિવાર, રોટરી ક્લબ ઓફ કેપિટલ અને શુકન સ્કાય પરિવાર દ્વારા

# બનાસકાંઠાના પૂર પીડિતો માટે ૨૬૦૦ ફુડ પેકેટ, ૨૫૦ અનાજ-વાસણની કીટ અને ૫૦૦૦થી વધારે કપડાનું વિતરણ સહિત તબીબી સેવાઓ અપાઈ

વૈદિક પરિવારની ગાંધીનગર શાખા, રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર તથા ગાંધીનગરનાં કુડાસણ વિસ્તારમાં આવેલ શુકન સ્કાય પરિવારનાં સંયુક્ત ઉપક્રમે બનાસકાંઠાના પૂર પીડિતો માટે રાહત કાર્યો કરવામાં આવ્યા હતા.



પ્રથમ દિવસે શુકન સ્કાય પરિવારનાં યુવાનો દ્વારા સોસાયટીમાં ૪૦૦ થી વધારે ફ્લેટ્સમાં રહેતા પરિવારો પાસેથી ફુડ પેકેટ્સ એકત્રિત કરવામાં આવ્યા હતા. લગભગ ૨૫૦૦ કરતાં પણ વધારે ફુડ પેકેટ્સની સાથે કપડાનો પણ મોટો જથ્થો એકત્રિત કરવામાં આવ્યો હતો. ત્યારબાદ વાનપ્રસ્થી શ્રી મહેન્દ્રભાઈ ગાંધીની સાથે શુકન સ્કાયનાં યુવાનોએ જાતે જઈને પૂર પીડિતોની સહાયતા કરી. બીજા તબક્કામાં રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરનાં પ્રમુખ શ્રી બી. કે. ચાવડા અને વૈદિક પરિવારનાં ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ રાણાના નેતૃત્વમાં ઉમીયા ટ્યુબ્સ એન્ડ પાઈપ્સનાં ડાયરેકટરોની ટીમે સાથે મળીને ૨૫૦ થી વધારે અનાજ અને વાસણની કીટ, સુકો નાસ્તો, બટાટા અને ડુંગળી વગેરેનું વિતરણ કરવામાં આવ્યું. આ ઉપરાંત બાળકોથી લઈને વૃદ્ધ નર-નારી માટે ૫ હજારથી પણ વધારે કપડા-સાડીઓ, ચાદરો, ઓઢવાનાં ચોરસા વગેરે આપવામાં આવ્યું.



ત્યારબાદ ત્રીજા દિવસે મહિલાઓ માટે સાડીઓ આપવામાં આવી. તે જ દિવસે દવાઓ સાથે વૈદિક પરિવારનાં ડૉ. ચંદુભાઈ અંબવાણીએ લગભગ ૭૦૦ જેટલા રોગીઓની ચિકિત્સા કરી તેમને દવાઓ આપી.

આ સેવાકીય કાર્યમાં શુકન સ્કાયનાં યુવાનો શ્રી મહર્ષિ દવે, શ્રી રવિ મોદી, શ્રી હેમલ પટેલ, શ્રી જૈનમ શાહ, શ્રી ધ્રુવ ઝાલાવાડીયા અને શ્રી અંકીત ઉપરાંત રોટરી ક્લબનાં પૂર્વ પ્રમુખ શ્રી મનોજભાઈ સરૈયાએ પણ સેવાઓ પ્રદાન કરી હતી.

### રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર અને વૈદિક પરિવાર દ્વારા

# આરાધના વિદ્યાવિહાર ખાતે ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે સ્ટ્રેસ મેનેજમેન્ટનો ત્રિદિવસીય વર્કશોપ સફળતાપૂર્વક સંપન્ન

ગાંધીનગર

રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર અને વૈદિક પરિવારની ગાંધીનગર શાખાનાં સંયુક્ત ઉપક્રમે એક ત્રિ-દિવસીય સ્ટ્રેસ મેનેજમેન્ટનો વર્કશોપ યોજાઈ ગયો. ગાંધીનગરની સેક્ટર-૨૮ સ્થિત આરાધના વિદ્યાવિહાર ખાતે ધોરણ-૧૦માં અભ્યાસ કરતા ૨૪૦ જેટલા વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.




દર્શન યોગ ધર્માર્થ ટ્રસ્ટ, રોજડની સફળતા વિજ્ઞાન પરિયોજના અંતર્ગત શૈક્ષણિક સફળતા વિભાગનાં અધ્યક્ષ તથા વૈદિક પરિવારનાં ટ્રસ્ટી અને રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરનાં પૂર્વ પ્રમુખ શ્રી અરવિંદભાઈ રાણા દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બાળકોને ઉદ્ભવતા તણાવના અનેક કારણો અને તેના નિવારણનાં સચોટ ઉપાયો બતાવવામાં આવ્યા હતા. વૈદિક પરિવારનાં મેનેજીંગ ટ્રસ્ટી અને વૈદિક પ્રચારક શ્રી મહેન્દ્રભાઈ ગાંધીએ પણ ઉપસ્થિત રહી બાળકોને માર્ગદર્શન આપ્યું હતું. તેમણે બાળકોને બૌદ્ધિક શક્તિ વિકસિત કરવા અને મનોનિયંત્રણ માટે ઉપયોગી એવા પ્રાણાયામનું અને ધ્યાનનું ક્રિયાત્મક પ્રશિક્ષણ આપ્યું હતું.

વિદ્યાર્થી અવસ્થામાં ઉદ્ભવતા તણાવનાં કારણો અને તેના નિરાકરણનાં સચોટ અને વ્યવહારિક ઉપાયો સમજાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત વૈદિક પદ્ધતિથી ધ્યાન, ઉપાસના, પ્રાણાયામ, આત્મનિરીક્ષણ વગેરેનો ક્રિયાત્મક અભ્યાસ કરાવવામાં આવ્યો હતો.

કાર્યક્રમના સમાપન પ્રસંગે ગાંધીનગર મહાનગર પાલિકાના ડેપ્યુટી મેયર શ્રી દેવેન્દ્રસિંહ ચાવડા, શાળા સંચાલક મંડળનાં ચેરમેન શ્રી રમણભાઈ પટેલ, રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરના પ્રમુખ શ્રી બી. કે. ચાવડા, પૂર્વ પ્રમુખો શ્રી યુવરાજસિંહ વાઘેલા, શ્રી મનોજભાઈ સરૈયા, ટ્રસ્ટી શ્રી આશીષભાઈ પટેલ, શાળાનાં આચાર્ય શ્રી વસંતભાઈ પટેલ, પ્રોજેક્ટ ચેરમેન રોટે. શ્રી પાર્થભાઈ ઠક્કર વગેરે મહાનુભાવોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

કાર્યક્રમના સમાપન પ્રસંગે વિદ્યાર્થીઓ તથા સમગ્ર વર્કશોપ દરમ્યાન ઉપસ્થિત રહેલા શાળાનાં શિક્ષક દ્વારા પોતાનો પ્રતિભાવ આપતાં આ વર્કશોપ ખૂબ ઉપયોગી રહ્યો હોવાની લાગણી વ્યક્ત કરી હતી. સમાપન સમારોહનું મંચ સંચાલન શાળાનાં શિક્ષક શ્રી અરવિંદભાઈ પટેલે તથા આભારવિધિ શાળાનાં આચાર્ય શ્રી વસંતભાઈ પટેલે કરી હતી.

PUBLISHER, OWNER, PRINTER & EDITOR : HARISH RANA PRINTED AT ANUGRAH COMPUTERS AND PRINTERS, G.I.D.C. SECTGOR-28, DIST. GANDHINAGAR, PUBLISHED AT PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR-21, GANDHINAGAR-382021